**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૨૪.૦ ડીગ્રી
લઘુતમ : ૧૦.૮ ડીગ્રી
ભેજ
સવારે ૮૦ ટકા ● સાંજે ૪૯ ટકા



ગાંધીનગર મહાનગરપાલિકાના સફાઈ કર્મચારીઓ તેમના પડતર પ્રશ્નો અંગે છેલ્લા ઘણા દિવસોથી રજૂઆત કરી રહ્યા છે. અનેક રજૂઆતો બાદ પણ તેઓના પ્રશ્નોનું નિરાકરણ ન આવતા આ સફાઈ કર્મચારીઓ મનપાની ઓફિસ આગળ દેખાવો કરી રહ્યા છે. મહિલા સફાઈ કર્મચારીઓએ રામધૂન બોલાવી પોતાનો વિરોધ દર્શાવ્યો હતો.

# સે-૫ શિવશકિત મંદિર ખાતે શ્રીમદ ભાગવતકથાનો શુભારંભ





ગાંધીનગર, તા.૩૦

શ્રી પંચમુખી મહાદેવ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ આયોજીત સંગીતમય શ્રીમદ ભાગવતકથા શિવશકિત મંદિર, સેકટર-૫ ખાતે આયોજીત કરેલ છે. જે તારીખ ૩૦ થી ૫મીના રોજ બપોરે ૧.૩૦ થી ૫.૩૦ કલાકે કન્હૈયાલાલજી મહારાજની વ્યાસપીઠે યોજાશે. આ પ્રસંગે પ્રસંગને અનુરૂપ ઉત્સવની ઉજવણી વખતે જે ભેટ કે સેવા આપવી હોય તે સ્વીકારવામાં આવશે. કોરોનાથી કે કુદરતી રીતે સ્વધામ ગયેલા સ્વજનોના મોક્ષાર્થે યોજાયેલ આ કથામાં સ્વજનોની મુકિત માટે નિ:શુક પૂજા કરાવવામાં આવશે.

## જન્મદિને વધામણી



**દિપાલી ચિરાગ ઉપાધ્યાય**
નિયામક, વિશેષ એજ્યુકેશન સેન્ટર
મો. ૮૧૬૦૧ ૪૦૫૭૪



**યોગી રામદાસજી રાવળ**
કથાકાર
મો. ૬૩૫૩૬ ૮૨૦૦૮



**ભટ્ટ ચેતનકુમાર અરવિંદભાઈ**



**ભગવાનભાઈ કા. ગોહેલ**
પ્રમુખ, ગાંધીનગર શહેર મોચી સમાજ
મો. ૯૯૭૮૪ ૪૨૦૪૪



**મિસરી એમ. પટેલ**
મો. ૯૯૨૫૨ ૭૯૫૫૫



**ક્રિશા મૌલિક મહેતા**

# બેંક ખાતામાં કેવાયસીની પ્રક્રિયાને કારણે પરેશાનીનો ભોગ બની રહેલા પેન્શનર્સ

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર રાજ્યનું પાટનગર હોવાને કારણે સરકારી કર્મચારીઓની મહત્તમ વસતી ધરાવતું શહેર છે અને તે સાથે જ અહીં મોટી સંખ્યામાં સરકારી નોકરીમાંથી નિવૃત્ત થયેલ અધિકારીઓ-કર્મચારીઓ વસવાટ કરી રહ્યાં છે. તાજેતરમાં રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના આદેશને પગલે બેંકો દ્વારા દરેક ખાતેદારને નવેસરથી તા. ૩૧મી ડિસેમ્બર સુધીમાં કેવાયસી પ્રક્રિયા પૂર્ણ કરવાનું ફરજિયાત કરતાં શહેરમાં સ્ટેટ બેંક સહિતની બેંકો દ્વારા તેમના ગ્રાહકોને કેવાયસી માટે સૂચના આપીને જેની કેવાયસી પ્રક્રિયા બાકી રહેતી હોય તેના બેંક ખાતામાં ઉપાડ પર રોક લગાવી દેવાઈ છે જેના કારણે પાટનગરમાં વસતા પેન્શનર્સની હાલત કફોડી થઈ રહી હોવાનું શહેર વસાહત મહામંડળના પ્રમુખ અને નિવૃત્ત અગ્રણી અરૂણભાઈ બુચે જણાવ્યું છે. સરકાર જ્યારે હવે તમામ પ્રક્રિયા ઓનલાઈન કરી રહી છે, એટલે સુધી કે પેન્શનર્સની હયાતીનો પુરાવો પણ હવે ઓનલાઈન લેવામાં આવે છે ત્યારે સ્ટેટ બેંક દ્વારા કેવાયસી પ્રક્રિયા માટે પેન્શનર્સને ફરજિયાત બેંકમાં રૂબરૂ બોલાવાય છે જેના કારણે બેંકમાં વડીલોની લાંબી લાઈનો લાગે છે અને મોટીવયના અશક્ત તથા શારિરીક તકલીફો ભોગવતા વડીલો આ કારણે ખૂબ જ પરેશાનીનો ભોગ બની રહ્યા છે તેથી બેંક દ્વારા મુદત વધારીને આ પ્રક્રિયા ઓનલાઈન કરવી જોઈએ.



સંત રોહિદાસ મંદિર જવાના રસ્તે પાણીની પાઈપલાઈન છેલ્લા ઘણા દિવસોથી લીકેજ છે. આ બાબતે ફરિયાદ કરવા છતાં આ સમસ્યાનું નિરાકરણ આવતું નથી. પાણીની પાઈપલાઈન સતત લીકેજ રહેતા અહીં કાદવ કીચડ થઈ રહ્યો છે.



વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ, લંડન દ્વારા નોલેજ ટ્રસ્ટ ફાઉન્ડેશનના મેનેજિંગ ટ્રસ્ટી ડૉ. શૈલેષ ઠાકર અને ટ્રસ્ટે કરેલી કોરોના કાળ દરમિયાન સેવા માટે કમિટમેંટ સર્ટિફિકેટ આજ રોજ ગાંધીનગર ખાતે ગુજરાત રાજ્યનાં માનનીયા મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ તથા ડભોઈના ધારાસભ્ય શૈલેષભાઈ મહેતા (સોટા) ની ઉપસ્થિતિમાં વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ, લંડન ગુજરાતનાં અધ્યક્ષ એડવોકેટ અશ્વિનભાઈ ત્રિવેદી દ્વારા એનાયત કરવામાં આવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે ડૉ. શૈલેષ ઠાકર એ જાણીતાં ગ્લોબલ મેનેજમેન્ટ ગુરૂ છે. તેમના દ્વારા ૧૧૦ જેટલા પુસ્તકો લખવાનો પણ રેકોર્ડ નોંધાયેલ છે. તેમને વિશ્વનાં ટોપ ૩૦ ગુરુઓના લિસ્ટમાં સ્થાન મેળવેલ છે. તેઓ નોલેજ પ્લસ ઓર્ગેનાઈઝેશન દ્વારા લાખો લોકોને ટ્રેનિંગ આપીને તેમના જીવનમાં પરિવર્તન માટે પ્રેરણાદાયી બન્યા છે. તેઓ કોઈ પણ સ્થળે, કોઈ પણ સમયે, કોઈ પણ વિષય પર ત્વરિત લખી શકે છે.

# દહેગામ ખાતે આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત તાલીમ શિબિર યોજાઈ





ગાંધીનગર, તા. ૩૦

દહેગામ તાલુકા એજ્યુકેશન સોસાયટી સંચાલિત એમ.બી. પટેલ કોમર્સ અને જી.એમ.એન. લાલજી આર્ટસ કોલેજ ખાતે તાલીમ શિબિર યોજાઈ હતી. રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ અંતર્ગત કમિશનર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી પ્રેરિત જિલ્લા યુવા વિકાસ અધિકારી ગાંધીનગર સંચાલિત આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત અનુસૂચિત જાતિના યુવક-યુવતીઓ માટે વ્યક્તિત્વ વિકાસ તાલીમ શિબિરનું આયોજન કર્યુ હતુ. જેમાં જાણીતા વક્તા તથા ખ્યાતનામ લેખક જય વસાવડા દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતુ. આ કાર્યક્રમમાં ૩૧૦ જેટલા યુવક-યુવતીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.



એસ.એસ.વી. શાળાના વિદ્યાર્થીઓ દ્વારા ગરીબ બાળકોની મદદ કરવામાં આવી હતી. શાળાના વિદ્યાર્થીઓએ કપડા, ચંપલ, રમકડાં તથા અન્ય વસ્તુઓ એકઠી કરી આજુબાજુના વિસ્તારમાં રહેતા ગરીબ છોકરાઓને વહેંચી સમાજ માટે કંઈ સારું કરવાનો આનંદ મેળવ્યો હતો.

# આજે રાંધેજા ખાતે ભાગવતકથામાં કૃષ્ણ જન્મોત્સવ યોજાશે



ગાંધીનગર, તા.૩૦

રાંધેજા ગામમાં ચાલી રહેલ શ્રીમદ ભાગવત કથામાં આજે શ્રીકૃષ્ણ જન્મોત્સવ ખૂબ જ ધામધૂમથી ઉજવાશે. જે બપોરે ૨ થી૫ કલાકે ભારતીબાપુની વ્યાસ પીઠે યોજાશે. આ ભાગવતકથામાં સમગ્ર ગ્રામજનો ખૂબ જ ભકિતભાવથી ભાગવત કથાનો લાભ લઈ રહ્યા છે. ગૌરૈયા, મામાના મંદિરે ચાલી રહેલ કથામાં પધારવા સૌને હાર્દિક નિમંત્રણ પાઠવેલ છે.

# શાહપુર પ્રાથમિક શાળામાં જીવન કૌશલ્ય આધારિત બાળમેળો યોજાયો



ગાંધીનગર, તા.૩૦

શાહપુર પ્રાથમિક શાળામાં જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન આયોજિત જીવન કૌશલ્ય આધારિત બાળમેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બાળમેળામાં જીસીઈઆરટી ગાંધીનગરના હિસાબી અધિકારી નિલધારા મેહ તથા અન્ય અધિકારીગણ દ્વારા મુલાકાત લેવામાં આવી હતી. બાળકો દ્વારા પોતાના રોજબરોજના જીવનમાં ઉપયોગી એવી જીવન કૌશલ્યની પ્રવૃત્તિઓ તૈયાર કરવામાં આવી હતી.

# પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજ દ્વારા સાત દિવસીય વાર્ષિક શિબિર યોજાઈ



ગાંધીનગર, તા. ૩૦

પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજ દ્વારા પ્રતાપપુરા ગામમાં સાત દિવસની વાર્ષિક શિબિર યોજાઈ હતી. આ શિબિરમાં કુલ ૫૦ વિદ્યાર્થીનીઓ જોડાઈ હતી. તેમાં જુદી જુદી પ્રવૃત્તિઓ જેવી કે ગ્રામદર્શન મુલાકાત, આયુર્વેદ પર વ્યાખ્યાન, સ્વચ્છતા અભિયાન, વ્યસનમુક્તિ અભિયાન, પર્યાવરણ જાળવણી વિગેરે જેવી પ્રવૃત્તિઓ કરાવવામાં આવી હતી અને જુદા જુદા વ્યાખ્યાન યોજાયા હતા. જેમાં આયુર્વેદ ઉપર જીતુભાઈ પંચાલે વ્યાખ્યાન આપ્યું હતું. મહિલાઓના અધિકારો અંગે સુધીરભાઈ મહેતાએ માહિતી આપી હતી. યોગ અને પ્રાકૃતિક ખેતી ઉપર વ્યાખ્યાન ડૉ. સજ્જનબેન ચૌધરીએ આપ્યુ હતુ. આ શિબિરના ઉદ્ઘાટનમાં અખિલ આંજણા કેળવણી મંડળના પ્રમુખ હરિભાઈ ચૌધરી તેમજ ઉપપ્રમુખ રણછોડભાઈ ચૌધરી, ગામના સરપંચ જ્યોત્સનાબેન ચૌધરી, ક્રેડિટ સોસાયટીના પ્રમુખ લવજીભાઈ ચૌધરી, કોલેજના આચાર્ય ડૉ. એમ.એમ. ચૌધરી, અધ્યાપક એન.કે. પટેલ, પ્રકાશભાઈ ચૌધરી હાજર રહ્યા હતા. આ શિબિરનું સંચાલન ડૉ. સજ્જનબેન ચૌધરીએ કર્યુ હતુ.



સ્વપ્રવિલા-૩, પેથાપુર સોસાયટી ખાતે મા અન્નપૂર્ણા માતાજીના આશીર્વાદથી ચોખ્ખા ઘીના લાડુ સ્વમહેનતે બનાવી અબોલ પશુ પ્રત્યેનો પ્રેમ વ્યક્ત કર્યો હતો.

# નિ:શુલ્ક આયુર્વેદ-હોમિયોપેથી નિદાન તથા સારવાર કેમ્પ આજે કલોલના પાનસર તથા સઈજ ગામ અને પાલજ ખાતે યોજાશે

ગાંધીનગર, તા.૩૦

આઝાદીના અમૃત મહોત્સવ ઈન્ડિયા જ ૭૫ નિમિત્તે જિલ્લા આયુર્વેદ અધિકારીની કચેરી, ગાંધીનગર દ્વારા નિઃ શુલ્ક આયુર્વેદ-હોમિયોપેથી નિદાન- સારવાર કેમ્પનું આયોજન તા. ૩૧મી ડિસેમ્બર, ૨૦૨૧ ના રોજ સવારના ૧૦.૦૦ થી ૧.૩૦ કલાક દરમ્યાન કલોલ તાલુકાના પાનસર ગામના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને સઈજ ગામમાં ગ્રામ પંચાયત તથા ગાંધીનગરના પાલજ ગામ ખાતે મહાકાળી મંદિર ખાતે કરવામાં આવ્યું છે.

આ અંગેની વિગતો આપતાં જિલ્લા આયુર્વેદ અધિકારી શ્રી ડૉ. ભાવનાબેન પટેલે જણાવ્યું છે કે, આ કેમ્પમાં આયુર્વેદ – હોમિયોપેથી પધ્ધતિથી નિદાન અને સારવાર કરવામાં આવશે. તેમજ આયુર્વેદની ખાસ પદ્ધતિથી શરીરની પ્રકૃતિ નક્કી કરી આપવામાં આવશે. તેમજ આહાર-વિહારનું માર્ગદર્શન આપવામાં આવશે. વૃદ્ધાવસ્થામાં થતી શારીરિક તકલીફો માટે આયુર્વેદ ઉપલબ્ધ ખાસ ઔષધિઓ પણ આપવામાં આવશે.તેની સાથે સાથે સ્વસ્થ જીવન શૈલી માટે પણ માર્ગદર્શન આપવામાં આવશે. આ કેમ્પનો લાભ સર્વે નાગરિકોને લેવા હાર્દિક આમંત્રણ આયુર્વેદ અધિકારીએ આપ્યું છે.

## ચિરવિદાય

● મુકિતધામ ●

- **સ્વ. વાઘેલા ગણપતસિંહ વિક્રમસિંહ**, ઉ.વ. ૪૨, લેકાવાડા
- **સ્વ. ઠાકોર હાંસીબેન રવજીભાઈ**, ઉ.વ. ૭૮, ચિલોડા મોટા
- **સ્વ. જાદવ ખુમાજી આતાજી**, ઉ.વ. ૬૧, જેઠીપુરા
- **સ્વ. અલગોતર કેશવલાલ મોતીભાઈ**, ઉ.વ. ૭૦, સેકટર-૧૨
- **સ્વ. રબારી વિરમભાઈ જેસંગભાઈ**, ઉ.વ. ૮૦, આદીવાડા
- **સ્વ. ઠાકોર દીપકભાઈ તખાજી**, ઉ.વ. ૧૪, પીડારડા
- **સ્વ. ઠાકોર ખોડાજી લખાજી**, ઉ.વ. ૩૨, ફતેપુરા, પેથાપુર

# ગાંધીનગર ખાતે મેગા જોબફેર, એપ્રેન્ટીસ ફેર અને ઇ-શ્રમિક કાર્ડ નોધણી કેમ્પ યોજાયો

## સુશાસન સપ્તાહની ઉજવણી અંતર્ગત મહાનુભાવોના હસ્તે રોજગાર નિમણૂક અને એપ્રેન્ટિસશિપ કરાર પત્રો અને ઇ-શ્રમ કાર્ડનું વિતરણ







ગાંધીનગર, તા.૩૦

શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ અને ગાંધીનગર જિલ્લા વહીવટી તંત્રના સંયુક્ત ઉપક્રમે આજરોજ સુશાસન દિવસની ઉજવણી ગાંધીનગર ખાતે કરવામાં આવી હતી. આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને ગુજરાત ઔધોગિક વિકાસ નિગમના ચેરમેન શ્રી બળવંતસિંહ રાજપૂત ઉપસ્થિત રહ્યા હતા. તેમજ રાજયસભાના સાસંદ શ્રી જુગલજી ઠાકોર પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે યોજાયેલ મેગા જોબફેર અને એપ્રેન્ટીસ ફેર યોજાયો હતો. જેમાં ૪૭૫ જેટલા ઉમેદવારો અને ૨૦ થી વધુ કંપનીએ ભાગ લીધો હતો. તેમજ ઈ- શ્રમિક કાર્ડ નોંધણી કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. ઈ- શ્રમિક કાર્ડમાં આજે ૧૦૦ જેટલા શ્રમિકોએ પોતાના નામની નોંધણી કરાવી હતી.

જી.એમ.ઈ.આર.એસ. મેડિકલ કોલેજના ઓડિટોરિયમ હોલ ખાતે યોજાયેલ સમારંભનો દીપ પ્રાગટ્ય કરીને ગુજરાત ઔધોગિક વિકાસ નિગમના ચેરમેન શ્રી બળવંતસિંહ રાજપૂતે જણાવ્યું હતું કે, દેશના પૂર્વ વડાપ્રધાન સ્વ. શ્રી અટલબિહારી બાજપાઈના જન્મ દિવસ તા. ૨૫મી ડિસેમ્બરને સુશાસન દિવસ તરીકે ઉજવવામાં આવે છે. વિશ્વના ન્યૂઝીલેન્ડ, કેનેડા, ઓસ્ટ્રેલિયા અને ભારત દેશમાં સુશાસન દિવસની ઉજવણી કરવામાં આવે છે. સુશાસન માટે સરકારનું રાજયના વિકાસ માટે સારું બજેટ હોય, કાયદા-વ્યવસ્થાની પરિસ્થિતિ સારી હોય, પારદર્શક વહીવટ હોય તેની સાથે સાથે રોજગારીની તકો પણ ખૂબ જરૂરી છે. રોજગારી આપવામાં ગુજરાત રાજય દેશમાં અગ્રેસર છે.

દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શ્રમવે જયતે નું સુત્ર આપ્યું છે, તેવું કહી ચેરમેનશ્રીએ ઉમેર્યુ હતું કે, ભારત દેશ યુવા દેશ છે. આપણું યુવાધન એ જ ૨૧ મી સદીની તાકાત છે. દરેક યુવાનને રોજગારી આપવા માટે સરકાર કટિબધ્ધ છે. શ્રમ કલ્યાણ માટે ભારત દેશમાં ૩૨ થી વધુ કાયદાઓ અમલી છે. આગામી સમયમાં શ્રમયોગીઓ માટે શ્રમયોગી હોસ્ટેલ અને ભોજન સુવિધાઓની વ્યવસ્થા કરવાનું પણ આયોજન કરવામાં આવ્યું છે. અમેરિકા જેવા દેશમાં ૬૫ ટકા અભ્યાસ ક્રમો રોજગારલક્ષી હોય છે. સ્કીલ ડેવલપમેન્ટ થકી આપણું યુવાધન આગળ વધે તે દિશામાં સરકારે સુચારું આયોજન કર્યું છે. યુવાનોને અભ્યાસ બાદ રોજગાર મળે તેની પણ ચિંતા સરકારે કરી છે.

આ પ્રસંગે આઈ.ટી.આઈ. ગાંધીનગરના આચાર્ય શ્રી એન.એ.પટેલ દ્વારા મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું. તેમજ રોજગાર અધિકારી શ્રી વરેશકુમાર પાંડોર દ્વારા આભાર વિધી કરવામાં આવી હતી.

આ પ્રસંગે ગાંધીનગર જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી દિલીપભાઈ પટેલ, જિલ્લા કલેકટર શ્રી ડૉ. કુલદીપ આર્ય, જિલ્લા વિકાસ અધિકારી શ્રી સુરભિ ગૌત્તમ સહિત યુવાનો ઉપસ્થિત રહ્યા હતા.